# આજે વચગાળાનું રેલવે બજેટ

## વધુ ટ્રેનોની જાહેરાત થશે : ઈલેક્ટ્રીફિકેશન માટે ૧૫૦૦ કિમી માર્ગને આવરી લેવાશે

નવી દિલ્હી,તા.૧૧

અનેક પ્રકારની અપેક્ષાઓ વચ્ચે યુપીએ સરકાર આવતીકાલે વચગાળાના રેલવે બજેટને રજુ કરવા જઈ રહ્યુ છે. આ વચગાળાના બજેટમાં શ્રેણીબદ્ધ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે ટિકિટોના દર ઘટાડાશે નહીં પરંતુ યાત્રીઓની સુવિધાને લઈને કેટલીક જાહેરાત થઈ શકે છે. આ ઉપરાંત યાત્રીઓની સુવિધાને લઈને પણ વધુ પગલાની વાત થઈ રહી છે.

રેવેન્યુની તંગીનો સામનો કરી રહેલા રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ આજે કહ્યુ હતુ કે વચગાળાના તેમના બજેટને લઈને સામાન્ય લોકો સારી અપેક્ષા રાખી શકે છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે રેલવે પ્રધાન મૂળભૂત યાત્રી ભાડામાં ઘટાડો કરસે કે કેમ તેને લઈને ચર્ચા ચાલી રહી છે. જો કે યાત્રી ભાડામાં ઘટાડાની શક્યતા ઓછી દેખાઈ રહી છે પરંતુ ફ્યુઅલ એડ્જસ્ટમેન્ટ કમ્પોનેન્ટમાં ફેરફાર કરી શકે છે જેથી ચૂંટણીના વર્ષમાં ભાડા પર તેની લઘુત્તમ અસર થશે. જો કે ખડગે દ્વારા વધુ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે સાથે સાથે નવી લાઈનો અને યાત્રીઓને વધુ સુવિધા મળે તે હેતુસર નવા પગલા લેવામાં આવશે. રેલવે મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે આ વિકાસલક્ષી બજેટ રહેશે જેમાં કમાણીમાં ઘટાડો રહ્યો હોવા છતાં કેટલાક પગલાની જાહેરાત કરવામાં આવશે. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૧૩ના ગાળા દરમિયન નૂર અને યાત્રી કમાણીના આંકડામાં ઘટાડો થયો છે. એક બાજુ નૂરની કમાણી ૮૫૦ કરોડ ઓછી રહી છેજ્યારે યાત્રી મહેસુલમાં ઘટાડો આશરે ૪૦૦૦ કરોડનો છે.

અલબત્ત તત્કાલિન રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવે વર્ષ ૨૦૦૯ના વચગાળાના બજેટમાં યાત્રી સેગમેન્ટમાં બે ટકાના ભાડા ઘડાટાની જાહેરાત કરી હતી. ખડગે અનિશ્ચિત નાણાંકીય ચિત્રમાં આવા કોઈ પગલા જાહેર કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. જો કે ખડગે યાત્રીઓની સુરક્ષા માટે વધુ પગલા લઈ શકે છે. ડાયનેમિક ભાડા પર ૨૦ પ્રિમિયર ટ્રેનો દોડાવવાની જાહેરાત થઈ શકે છે. ફ્યુઅલ એડજેસ્ટમેન્ટ કમ્પોનેન્ટ (એફએસી)ના અમલીકરણના કારણે એપ્રિલમાં ભાડાના વધારાને લઈને કેટલીક રાહતો મળી શકે છે. વચગાળાના બજેટમાં ડિઝલ પર આધારિત ઘણી બાબતો જાહેર થઈ શકે છે. વધુ રૂટના વિજળીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રેલવે આગામી નાણાંકીય વર્ષમાં ઈલેક્ટ્રીફિકેશન માટે ૧૫૦૦ કિમી માર્ગને હાથ ધરે તેવી શક્યતા છે. કુલ ૬૫ હજાર કિલોમીટરના રૂટ પૈકી ૨૪ હજાર કિલોમીટરના રૂટ પર ઈલેક્ટ્રીફિકેશનની પ્રક્રિયા હાથ ધરાઈ છે. તેમના પ્રથમ બજેટમાં ખડગે છેલ્લા ૧૦ વર્ષમાં રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટર દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસના કામ અને પ્રગતિની પણ વાત કરશે.

# ગેસ ભાવના મામલે મુકેશ અંબાણી અને ત્રણ સામે ફરિયાદ

નવી દિલ્હી,તા.૧૧

દેશમાં ગેસની કૃત્રિમ અછત ઉભી કરવા અને તેની કિંમતોમાં વધારો કરવાનો મહાકાય કંપનીઓ પર આક્ષેપ કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી, વર્તમાન પેટ્રોલિયમ પ્રધાન વીરપ્પા મોઈલી અને ભૂતપૂર્વ પેટ્રોલિયમ પ્રધાન મુરલી દેવડા સામે ફોજદારી કેસ દાખલ કરવા ભ્રષ્ટાચાર વિરોધી બ્રાંચને આદેશ કર્યો હતો. જો કે દિલ્હી સરકારના આ આદેશને કાયદાકીય નિષ્ણાંતો દ્વારા અન બજારમાં વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ નથી. કેજરીવાલે કહ્યુ છે કે તેઓએ ફોજદારી કેસ દાખલ કરવાનો હુકમ કર્યો છે. પૂર્વિય દરિયાકાંઠે ડી-૬ બ્લોકમાંથી પેદા કરવામાં આવતા ગેસની કિમત સામે દિલ્હી સરકારને ફરિયાદ મળ્યા બાદ મુકેશ અંબાણી સામે ફોજદારી કેસ દાખલ કરવાનો આદેશ કર્યો છે. ભૂતપૂર્વ ડીઝી હાઈડ્રોકાર્બન સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવનાર છે. કેજરીવાલનું કહેવું છે કે રિલાયન્સ સામે ચાર જાણિતા લોકો તરફથી ભ્રષ્ટાચાર વિરોધી શાખાને ફરિયાદ મળી હતી. કેજરીવાલ મુજબ ફરિયાદમાં જણાવવામાં આવ્યુ છે કે કેટલીક કેન્દ્રિય પ્રધાનો ગેસની સમજૂતિમાં રિલાયન્સ માટે લાભની ખાતરી કરવા કાવતરા ઘડી રહ્યા છે.



# આઈપીએલ-૭ હરાજી માટે કુલ ૫૧૪ ખેલાડીઓ મેદાનમાં

નવી દિલ્હી,તા.૧૧

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકોમાં રાહ જોવામાં આવી રહી છે તે આઈપીએલ-૭ હરાજી માટે કુલ ૫૧૪ ખેલાડીઓ મેદાનમાં છે. આવતીકાલે હરાજી થનાર ખેલાડીઓમાં કેટલાક સૌથી મોટા નામ પણ સામેલ છે. ન્યૂઝિલેન્ડના આક્રમક બેટ્સમેન કોરી એન્ડરસનનો ઉંચો ભાવ બોલાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈન્ડિયન પ્રિમિયર લીગ પર લાંબા સમયથી સટ્ટાબાજી અને ફિક્સીંગના વાદળો ઘેરાયેલા છે. જસ્ટિસ મુકુલ મુડગુલે ગઈકાલે જે અહેવાલ સોંપ્યો હતો તેમાં બીસીસીઆઈના વડા શ્રીનિવાસનના જમાઈ મેયપ્પનની સટ્ટાબાજીમાં સંડોવણી હોવાનો ધડાકો કરવામાં આવ્યો હતો. અલબત્ત મુડગુલ કમિટિનો અહેવાલ ગુપ્ત રાખવામાં આવી રહ્યો છે. આઈપીએલ હરાજીમાં કેટલાક મોટા




નામ પણ બોલાય તેવી શક્યતા છે. આઠ આઈપીએલ ટીમોમાં ૫૧૪ ખેલાડીઓને આવરી લેવાની ગણતરી રહેશે. મલ્ટિકરોડની બિડીંગ પ્રક્રિયા હાથ ધરાશે. જેક કાલિસ, જયવર્ધને, સહેવાગ, પિટરસન, યુવરાજસિંહ જેવા વિશ્વસનીય ખેલાડીઓની પણ બોલબાલ રહેશે. પરંતુ એવા સંકેત મળી રહ્યા છે કે મોટા ભાગની ટીમો યુવા અને ટેલેન્ટેડ ખેલાડીઓ પર મુખ્ય ધ્યાન આપશે. હાલમાં જેની સૌથી વધુ ચર્ચા ચાલી રહી છે તે ૨૩ વર્ષીય ન્યૂઝિલેન્ડનો ઓલ રાઉન્ડર કોરી એન્ડરસન છે. કોરી એન્ડરસને તાજેતરમાં જ વેસ્ટઈન્ડિઝ સામે ૩૬ બોલમાં સદી ફટકારી હતી અને વિશ્વ ક્રિકેટની સૌથી ઝડપી સદી બનાવી હતી. તે હોટબાય તરીકે રહે તેવી શક્યતા છે. આગામી ૨૪ કલાકમાં તે મિલિયોનેર બનવાની દિશામાં આગળ વધી શકે છે. ૫૧૪ ખેલાડીઓ મેદાનમાં છે. જેમાં ભારતના ૧૬૯ અને વિદેશના ૫૦ ખેલાડીઓ છે. ૨૯૨ ખેલાડીઓ એક પણ મેચ નહીં રમેલા છે. આમાં ૨૫૫ ભારતીય અને ૩૭ વિદેશી ખેલાડી છે. હરાજીની પ્રક્રિયા સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થશે.

## બંગાળમાં માર્ગ દુર્ઘટના થતાં ૧૩ના થયેલા મોત


માલદા,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં માલદા શહેર નજીક કાલુવાદિગી ખાતે નેશનલ હાઈવે-૩૪ ઉપર ઝડપથી પસાર થતું ટ્રક સાથે કાર અથડાતાં ઓછામાં ઓછા ૧૩ લોકોનો મોત થયા છે. આ બનાવમાં અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે જે પૈકી તમામની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ અકસ્માતમાં ૧૨ પુરુષો અને એક બાળકનું મોત થયું હતું. આજે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. કાર અને ટ્રક સામસામે અથડાઈ હતી. ભોગ બનેલા લોકો ઉત્તર દિનાજપુર જિલ્લામાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપ્યા બાદ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માત બાદ રાજમાર્ગને બંધ કરી દઈને ટ્રાફિક વ્યવસ્થાને હળવી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. પોલીસ અને ફાયરબ્રિગેડની ટૂકડી પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્ત લોકોને માલદા મેડીકલ કોલેજ ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# જયાપ્રદા ટૂંકમાં જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ શકે

નવી દિલ્હી,તા.૧૧

વિતેલા વર્ષોની સુપર સ્ટાર અભિનેત્રી અને રામપુરમાંથી સાંસદ જયાપ્રદા કોંગ્રેસમાં સામેલ થવા માટે તૈયાર છે. જયાપ્રદા મોરાદાબાદ લોકસભા બેઠક પરતી ચૂંટણી લડે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ બેઠક ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અઝહરુદીન દ્વારા ખાલી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોરાદાબાદમાંથી તેને ખસેડવા કોંગ્રેસની નેતાગિરીને અઝહરે અપીલ કરી હતી. જયા પ્રદાની તાજેતરમાં જ રાજ્યસભાના સાંસદ અમરસિંહ સાથે સમાજવાદી પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. અમરસિંહની મુલાયમસિંહ યાદવ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી.



જયાપ્રદા સપાની ટિકિટ ઉપર રામપુરમાંથી બે વખત જીતી હતી પરંતુ મુલાયમસિંહના મંચને છોડી દીધા બાદ યોગ્ય પાર્ટી પ્લેટફોર્મની જયાપ્રદા શોધમાં હતી. હાલમાં જ જયાપ્રદા કોંગ્રેસના ટોચના નેતાઓને મળી હતી અને પાર્ટીમાં સામેલ થવાના વિકલ્પ ઉપર ચર્ચા કરી હતી. કોંગ્રેસ રામપુરમાંથી જયાને મેદાનમાં ઉતારી શકે નહીં. કારણ કે આ જગ્યા પીઢ નેતા નૂરબાનુની જમીન છે. જયાપ્રદાએ સૌથઈ પહેલા ૨૦૦૪માં સપાની ટિકિટ ઉપર જીત મેળવી હતી. આઝમખાન તરફથી વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ખાને ત્યારબાદ સમાજવાદી પાર્ટી સામે બળવો કર્યો હતો અને જયાપ્રદા સામે વાંધા ઉઠાવવા પડ્યા હતા. જયાપ્રદા મોરાદાબાદ બેઠકને લઈને કોઈ ચિંતિત નથી. તેનું કહેવું છે કે તે કોઈપણ બેઠક પરથી ચૂંટણી લડવા તૈયાર છે. જયાપ્રદા અન્ય એક સેલિબ્રિટીની જગ્યા લેશે. હૈદરાબાદના બે લોકોની રાજકીય કેરિયર હાલમાં મુશ્કેલીમાં મૂકાઈ છે. કારણ કે મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં પણ હાલ ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ રહી છે.

## હાઈસ્પીડ ટ્રેન માટે ઉત્તરપ્રદેશે આખરે ૧૨.૫૦ કરોડ આપ્યા

લખનૌ,તા.૧૧

હાઈસ્પીડ ટ્રેન માટે ઉત્તરપ્રદેશ સરકારે ૧૨.૫૦ કરોડ રૂપિયા આપ્યા હોવાના અહેવાલ મળ્યા છે. હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટને અમલી બનાવવા માટે રચવામાં આવેલી નેશનલ કેપિટલ રિઝનલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના સંચાલન માટે ઉત્તરપ્રદેશ સરકારે પોતાના ક્વોટામાં નાણાં જારી કરી દીધા છે. ઉત્તરપ્રદેશ સરકારને ૧૨.૫૦ કરોડ આપવાની જરૂર હતી. એનસીઆર પ્લાનીંગ બોર્ડના જણાવ્યા મુજબ હાઈસ્પીડ ટ્રેન માટે એનસીઆરટીસીની રચનાનો નિર્ણય એક વર્ષ પહેલા લેવામાં આવ્યો હતો. કોર્પોરેશનના સંચાલન માટે પ્રથમ તબક્કામાં ૧૦૦ કરોડ રૂપિયાના નાણાં પહોંચાડવામાં આવનાર છે. આમાં કેન્દ્ર સરકાર કુલ ૫૦ ટકા રકમ આપી ચુકી છે. બાકીના નાણાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને હરિયાણા આપશે. હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી પોતાના ક્વોટની રકમ આપી ચુક્યા છે.

# તેલંગાણા રચનાનો વિરોધ કરનાર ૭ સાંસદોની કોંગ્રેસ દ્વારા આખરે હકાલપટ્ટી

નવી દિલ્હી,તા.૧૧

તેલંગાણાની રચનાનો વિરોધ કરનાર આંધ્રપ્રદેશમાંથી લોકસભાના ૭ સાંસદોની કોંગ્રેસે આજે હકાલપટ્ટી કરી હતી. હાઈકમાન્ડના આદેશને ફગાવી દેવા બદલ તેમની સામે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ લાલ આંખ કરીને આ મુજબના પગલા લીધા હતા. સાથે સાથે આ ૭ સાંસદો સામે હજુ શિસ્તની કાર્યવાહી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. તાત્કાલિક અમલ સાથે આ તમામ સાંસદોની હકાલપટ્ટી કરાઈ છે. સોનિયા ગાંધીએ ૭ સાંસદોની હકાલપટ્ટી કરવાના એઆઈસીસીની શિસ્ત સમિતિના નિર્ણયને લીલીઝંડી આપી દીધી છે. અલગ રાજ્યની રચના આમે વિરોધ કરવા બદલ તેના સંસદ સભ્યો પૈકીના ૭ની આજે હકાલપટ્ટી કરવામાં આવી હતી. ટીવી ચેનલોના અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે કેન્દ્રિય કેબિનેટે આંધ્રપ્રદેશમાંથી અલગ કરીને તેલંગાણાની રચના કરવા અંગે જટિલ બિલને લલીઝંડી આપી દીધી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી દ્વારા જે સાંસદોની હકાલપટ્ટી કરવામાં આવી છે તેમાં સબ્બમ હરિ, જીવી હર્ષાકુમાર, વી અરૂણ કુમાર, એલ રાજ ગોપાલ, આર સંબાશિવરાવ અને એ સાંઈ પ્રતાપનો સમાવેશ થાય છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તાત્કાલિક અમલ સાથે આંધ્રપ્રદેશમાંથી ૭ સાસંદોની હકાલપટ્ટી કરવા એઆઈસીસીની શિસ્ત કમિટિના નિર્ણયને આજે લીલીઝંડી આપી દીધી હતી. એઆઈસીસીના જનરલ સેક્રેટરી જનાર્દન દ્વિવેદીએ આ મુજબની માહિતી આપી હતી. અખબારી યાદીમાં તેમણે કહ્યુ હતુ કે કેન્દ્રિય કેબિનેટે આંધ્રપ્રદેશના વિભાજન માટેની તથા તેલંગાણાની રચનાને લીલીઝંડી આપ્યા બાદ હોબાળો કરવામાં આવી રહ્યો હતો. વ્હીપનો ભંગ કરવા બદલ કોંગ્રેસે લાલ આંખ કરીનો તમામની હકાલપટ્ટી કરી છે. સબ્બમ હરિ અને કેટલાક અન્ય સભ્યોએ થોડાક દિવસમાં સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની નોટિસ પણ આપી હતી. કોંગ્રેસે આજે આક્રમક કાર્યવાહી કરી હતી અને સંસદમાં સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તની નોટિસને લઈને પણ વાત કરી હતી. ગયા ડિસેમ્બર મહિનામાં સિમાન્ધ્રપ્રદેશમાંથી કોંગ્રેસના ૭ સાંસદોને મનમોહનસિંહ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવા બદલ નોટિસ આપવામાં આવી હતી. અગાઉની અપેક્ષાની બિલકુલ વિરુદ્ધમાં તેલંગાણા બિલ રાજ્યસભાના બદલે પહેલા લોકસભામાં રજુ કરાશે. સરકાર રાષ્ટ્રપતિ પાસેથી નવેસરની ભલામણના પ્રયાસમાં છે. સૂત્રોનું કહેવુ છે કે ઉપલાગૃહમાં બિલને રજુ કરવાની કાયદેસરતા અંગે પ્રશ્નો ઉઠી ચુક્યા છે. ગૃહમંત્રાલયના અધિકારીઓએ કહ્યુ છે કે લોકસભામાં પહેલા આને રજુ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગઈકાલે જ આંધ્રપ્રદેશના વિભાજન માટે લીલીઝંડી આપી હતી.

## વિચારોનાં મધુવનમાં (પાન નં.૨ નું ચાલું)

લઈને ચાલવાથી માર્ગ સરળતાથી પૂર્ણ થાય છે પણ જો ભૌતિક સુધોને વહન કરીએ તો માર્ગ પીડાદાયી બની શકે છે. ઉમાશંકર જોશીએ કહ્યું છે કે, 'વિનયનની એક શાખા કલાઓના સમુહરૂપે પ્રસરે છે. આ કલાઓનો આમ તો સીધો વ્યવહારીક ઉપયોગ ઓછો હોઈ શકે પણ તેનું જે મૂલ્ય છે એ કે તે આપણા મન, બુદ્ધિ ચિત્ત અને પ્રાણને પોતાના અંતર્ગત શક્તિ સૌંદર્ય દ્વારા પરાકોટિનો સહજ સંતર્પક આનંદ આપે છે. આ રીતે પ્રત્યેક જીવનમાં કલાની પ્રકૃતિગત ઝંખના કે પિપાસા રહેલી છે. કેમ કે જીવનને કૃતકૃત્ય કરે એવા ભાવાત્મક સુખ શાંતિ તેને કલાના દર્શન અનુભવથી પ્રાપ્ત થાય છે. **Man can not live bu bread alone** વિનયનને એક વિષય એક વિષય તરીકે ન બાંધી શકાય. તે અનેક વિષયોનું ઉદ્ગમ સ્થાન અને દિશા આપતું એક પ્રેરક બળ છે.

વિનયનની મોટામાં મોટી વિશેષતા એ છે કે તેનું જ્ઞાન અનંત છે. તે શિક્ષિત અને અશિક્ષિત બધાને સમાન રીતે બોધક છે. સાહિત્ય-કલાના અનેક સ્વરૂપો દ્વારા સમાજમાં બધા જ વર્ગ સુધી તેનું સામાજ્ય ફેલાયેલું છે. લોકગીતના સૂરોમાં, લગ્નગીતોની ઝાકળઝાળમાં, ડાયરાના દબદબામાં, ભજનના ભક્તિરસમાં અને ટુચકાઓમાં, હાસ્યમય પવનમાં વિનયનના પડઘાં અને પગલાં સંભળાય તથા દેખાય છે. નિરાશ માનવને પ્રકૃતિની વિવિધતાભરી સૃષ્ટિમાંથી જે સાંત્વના મળે છે તે સાંત્વના વિજ્ઞાનની ઉચ્ચપ્રકારની ટેકનોલોજીથી પ્રાપ્ત મનોરંજનથી ક્યારેય મળતી નથી. વિનયન શાખા પ્રકૃતિની ગોદમાં જ વિકસે છે અને વિલસે છે.

અત્યારનું વાતાવરણ જ એવું છે કે આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તરફ સમાજ માનની નજરે જોવાનું ભૂલતો જાય છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સાહિત્ય અને સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થી એટલે કંઈ જ નહીં. આ બધા વિષયો તો સહેલા છે, તેના વગર સમાજમાં કશું અટકી પડતું નથી. આવા પ્રકાસના મનોવલણો મોટા ભાગના લોકોના ઘરમાં કરી ગયા છે. પરંતુ સાચી વાતતો એ છે કે સમાજના ચક્રને ચલાવનાર સાહિત્ય જ છે. દૈનિક જીવન સાહિત્યની મદદથી જ જીવવા યોગ્ય બને છે. છાપામાં આવતા ચિંતન લેખ, વ્યક્તિત્વ ઘડતરના વિચારો, માનસિક સમસ્યાઓની કોલમો, શાંતિપરક આધ્યાત્મિક લેખ, સમાજમાં એકતા અને સદ્ભાવના પ્રગટાવતા ધાર્મિક વિશેષ ઉપદેશો ખરેખર તો દરેક જાગૃત વ્યક્તિનો માનસિક ખોરાક છે. ઉપરાંત ગ્રંથોમાં સચવાયેલું જ્ઞાન જડીબુટ્ટી જેવું કામ કરે છે. તેના આધારે જ જીવનની અગત્યની ક્ષણોનો નિર્ણય માનવી કરી શકે છે અને જીવનને નવો આયામ આપી શકે છે. વિનયનનો વિદ્યાર્થી ભવિષ્યમાં શું કરી શકે તે બાબતે અધ્યાપકોએ સ્વરોજગારી અંગે યોગ્ય માર્ગદર્શન આપી તેમને માનસિક રીતે સજ્જ બનાવવા જોઈએ. વર્તમાન સમયમાં કલા, ફિલ્મ એડવર્ટાઈઝીંગ અને નાટકનું વિશાળ ક્ષેત્ર વિસ્તરતું જાય છે. તેમાં અનેક તકો વધી રહી છે. પરંતુ તેમાં આકર્ષક વ્યક્તિત્વ, સ્પષ્ટ ઉચ્ચારો, ભાષા ઉપર કાબૂ, નૃત્ય સંગીતની તાલીમ અને વાંચન ખૂબ જરૂરી છે. હાર્યા વગર સતત પ્રયત્ન કરનારને કયારેક તો સફળતા મળે છે. આપણા ગ્રામિણ વિસ્તારોમાં પણ કલા અને કલાકાર છુપાયેલા હોય છે. તેને યોગ્ય તક મળી રહે તે માટે શિક્ષકે વર્ગખંડના માધ્યમથી પ્રયત્ન કરવો જોઈએ. શિક્ષકો એ ગૃપ બનાવી જાતે જ તે દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. લેખનનો વ્યવસાય પણ તેટલો જ ફૂલ્યો ફાલ્યો છે. તેમાં પણ ઈનામો અને પારિતોષિકો ખૂબ મોટા પ્રમાણમાં આપવામાં આવે છે. પરંતુ તેમાં શિસ્તબદ્ધતા અને વાંચનની ભૂખ ન હોય તો તે ન ચાલે. વિનયનનું જે વિશાળ ક્ષેત્ર છે તેમાં સર્જકતા સૌથી અગત્યની બાબત છે. માણસનો સ્વભાવ છે કે તેને સતત નવુંનવું જોવું અને માણવું ગમે છે. દરેક કલાકારની આગવી ઓળખને કારણે દરેકનો એક ચાહક વર્ગ હોય છે. શાસ્ત્રીય સંગત માણનારો પણ વર્ગ છે અને પાશ્ચાત્ય ધૂનો પર નાચનારો યુવા વર્ગ પણ છે.

સમાજ ત્રણ ચક્રોના આધારે ચાલે છે. એક વિચાર, બે આયોજન અને ત્રણ કાર્ય. વિચાર બીજથી શરૂ થયેલી યાત્રા આયોજનમાં વિસ્તરે છે. સ્વરૂપ નક્કી કરે છે અને આખરે કાર્યરૂપે પરીણમે છે. આ કાર્ય જ આયોજનને મૂર્તિમંત સ્વરૂપ આપી લોકપયોગી બનાવે છે. હવે વિચારીએ તો વિચારબીજ અથવા સર્જનવૃત્તિ એ કોઈ એક વિદ્યાશાખાને આધારે ચાલતી નથી. તે તો સ્વયં અને પ્રકૃતિદત્ત છે. તેને માત્ર અને માત્રવિજ્ઞાનનું જ નામ આપી દેવું અપુરતું છે. શકય છે કે કોઈ સાહિત્યકૃતિ ઉપરથી, કોઈ સામાન્ય માણસના અનુભવથી કે કોઈ ઘટનાથી અચાનક કોઈ વિચાર ઝબકે અને નવી શોધ થઈ જાય. ટૂંકમાં કહેવું હોય તો વિચાર બીજ વિનયનવૃત્તિ છે, વિચારને આયોજિત કરવા વાણિજયવૃત્તિની જરૂર છે અને તેને સાકારીત કરવા વિજ્ઞાનવૃત્તિની આવશ્યકતા છે. આમાં એવું પણ બનતું હોય છે કે વિચારબીજ કોઈ રોપે, તે બીજને પોષણ કોઈ અનન્ય આપે, સમય જતાં તેના ફળ કોઈ સદ્ભાગીના હાથે ચૂંટવામાં આવે, તો તેનો અર્થ એવો નથી કે ફળરૂપી શોધ કોઈ એક વ્યક્તિના હાથે થઈ છે. તે તો પ્રક્રિયાનું અંતિમ ચરણ માત્ર છે. પરંતુ માત્ર ટૂંકી સમજને કારણે આપણે જનરલ નોલેજની બુકમાંથી શોધની સામે એક જ શોધકના નામને યાદ રાખવા ટેવાયેલા છીએ. વિજ્ઞાનનું સંતાન ટેકનોલોજી છે, વિનયનનું સંતાન તાદાત્મ્લોજી છે, વિજ્ઞાનની બહેન વિલાસીતા છે, જ્યારે વિનયનની બહેન કલા છે.

## ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

છોકરીએ પેલા બેડરૂમમાં જઈને જોયું તો બધો જ સામાન અસ્તવ્યસ્ત હતો. પરંતુ એક કોર્નરમાં છોકરાએ પોતાની પાસેથી ખરીદેલાં ગ્રિટિંગ કાર્ડ્ઝ વ્યવસ્થિત ગોઠવેલાં હતાં. છોકરીએ એ પણ જોયું કે, કોઈ જ કાર્ડનું કવર ખોલેલું નહોતું. બધાં કાર્ડ્ઝ એમ જ હતાં, જેવાં ખરીદેલાં હતાં. છોકરીએ નિ:સાસો મૂક્યો અને બોલી, 'ઓહ, માય લવ. તારે કાર્ડ્ઝનાં કવર તો ખોલવાં હતાં!' સ્ટોરી અહીં પૂરી થાય છે. વેરી સેડ એન્ડ ટ્રેજિક લવ-સ્ટોરી.

વાત એમ બની હતી કે, છોકરાએ જેટલી વખત કાર્ડ ખરીદ્યાં, એ બધાં જ કાર્ડમાં છોકરીએ લવ-લેટર મૂક્યા હતા. છોકરીને એમ હતું કે છોકરો ઘેર જઈને વાંચતો જ હશે. આથી છોકરી પેલા છોકરાના રીસ્પોન્સની રાહ જોતી રહી. તો, બીજી તરફ છોકરો કાઉન્ટર-ગર્લ સાથે પ્રેમનો એકરાર કરવાની હિંમત ના કરી શક્યો અને પ્રેમમાં હિજરાઈને મૃત્યુ પામ્યો. એટલે જ તો, તમારે તમારા મનની વાત એક વાર કહેવાની તો હિંમત કરી જ દેવી જોઈએ. આર યા પાર. ઈઝન્ટ ઈટ?

અત્યારે વહેલી સવારે કોલ્ડ-વીન્ડના માહોલમાં વહેલા ઊઠવાનું મન ના થાય ત્યારે તને હું મિસ કરું છું. જે દિવસે વહેલા ઊઠાય ત્યારે ઈસ્ટર્ન સાઈટથી દેખાતાં સન-વ્યૂ અને સન-રેઝ તારા જેટલી જ વોર્મિંગ કંપની આપી જાય છે. તને યાદ કરવા સિવાય શું કરું? જાણે ક્યાંકથી સ્કિપ થઈને આવી પહોંચેલી આ વિન્ટર સિઝનમાં તારી વોર્મનેસ ખૂટે છે. રાતનો સન્નાટો મને બેચેન કરી મૂકે છે. પ્લિઝ કમ વિથ મી. કમ સૂન.

\- સમાપ્ત

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

આર.જે. અને શ્રોતાઓ વચ્ચે અજાણતાં જ મૈત્રી નિર્માણ થાય છે. ફિલ્મી હીરો-હીરોઈન અને દર્શકો વચ્ચે જે એક ડિસ્ટન્સ બને છે એવું આર.જે. અને શ્રોતાઓ વચ્ચે નથી બનતું. તમને જયારે ઈચ્છા થાય ત્યારે તમારાં મનગમતાં આર.જે. ને મેસેજ અથવા ફોન કરી શકો છો. તમે તેને કાયમ સાંભળથાં હોવ છો અને જયારે એ તમને રૂબરૂ મળે તમને એ તમારો પોતાનો લાગે છે એ જ આ રેડિયોની રંગતદાર માધ્યમની તાકાત છે. આ ક્ષેત્રમાં ભાષાનું પણ એટલું જ મહત્ત્વ છે, અંગ્રેજી, હિન્દી, ગુજરાતીની સાથોસાથ તમને જે તે પ્રાંતની ભાષા - લહેકો જો આવડ્યો તો શ્રોતાઓનું મન સહેલાઈથી જીતી શકાય છે.

હમણાં અમદાવાદમાં યોજાયેલી મેરેથોન અને સાયકલોથોનમાં ચાર-ચાર આર.જે. હાજર હતા, ડી.જે.ની ધમાલ સાથે જાણે કે આખો કાર્યક્રમ એમણે જીવંત બનાવી દીધેલો. ભરપૂર આત્મ વિશ્વાસ, કાલ્પનિકતા, હાજર જવાબીપણું અને રેડિયોને અનુરૂપ અવાજ જેવી ખાસિયત હોય તો આર.જે. માં કરિયર બનાવવી મજેદાર - લજ્જતદાર બની રહેશે. વ્હોટસ અપ - ફૅસબુકની ઈન્ટરનેટ એડિક્ટ જવાની એનું સુખ-દુ:ખ આર.જે.સાથે શૅઅર કરે છે. એટલે આર.જે.માં એટલી મેચ્યોરિટી પણ જોઈએ જ. એક જ ક્ષણે હજારો લોકો તમને સાંભળતાં હોય છે, એટલે 'મૌકે પે ચૌકા' મારવાનું આર.જે.નું કામ રેડિયોની બીજી એફ.એમ. ચેનલ્સને માન્યતા મળી હોવાથી હજુ ઘણાંય રેડિયો સ્ટેશન ખૂલશે એટલે 'આવાજ કી ઈસ દુનિયા' માટે તૈયાર થઈ જાવ...

*ચૂંટલો :*

શુદ્ધ સાત્ત્વિક દેશી જમણની જગ્યા પીત્ઝા અને ફાસ્ટફુડે લીધી છે, એટલે ધીરગંભીર એન્કરની જગ્યાએ ચુલબુલી - બડબડ કરતાં રેડિયો જૉકી જ રેડિયો પર શ્રોતાઓ આકર્ષી શકે, માત્ર ગીત-સંગીતનાં જ્ઞાનને આધારે નહીં પણ અર્થપૂર્ણ બડબડથી જ રેડિયો સાંભળવો ગમે.

## સમાચાર ઝલક

- *આઇ.પી.એલ. ક્રિકેટમાં દેશ-વિદેશનાં ૫૧૪ ખેલાડીઓની નિલામી બોલાશે, પાકિસ્તાની ખેલાડીઓને સામેલ કરવામાં નહીં આવે.*
- *પશ્ચિમ બંગાળમાં માલ્દામાં ટ્રક અકસ્માતમાં ૧૬ વ્યક્તિઓનાં મૃત્યુ.*
- *મેચ ફિક્સીંગ પ્રકરણમાં ૨ ભારતીય ક્રિકેટરો પર શંકાની સોય.*
- *દિલ્હીમાં સચિવાલયના કર્મચારીઓની બીજા દિવસે પણ હડતાળ યથાવત.*
- *દિલ્હી ગેસના ભાવો વધારા સામે અરવિંદ કેજરીવાલ સરકારે મુકેશ અંબાણી, મોરલી દેવદાસ અને કેન્દ્રીય મંત્રી સહિત લોકો પર એફઆઇઆર નોંધવા જણાવ્યું.*
- *ભારતીય ઓલિંપક સંઘ સામેનો પ્રતિબંધ હઠાવી દેવામાં આવ્યો.*
- *સંસદમાં તામીલનાડુનાં સાંસદોનો હંગામો, જયારે જમ્મુ કાશ્મીર વિધાનસભામાં પીડીપીના સભ્યોનો હંગામો.*
- *પાકિસ્તાનમાં 3 ગેસ પાઇપ વિસ્ફોટકોથી ઉડાવી દેવામાં આવી.*
- *નવસારી હાઇવે પર એક કરોડ રૂા.ના તાંબાના વાયર ભરેલી ટ્રકની લૂંટ થઇ.*
- *મહેસાણા ડેરીના મેનેજિંગ ડિરકેટર અને મેનેજરનાં જામીન કોર્ટે ફગાવ્યા.*
- *દિલ્હીમાં મણીપુરનાં યુવક પર હિંસક હુમલો.*
- *બ્રિટનમાં પુરનું સંકટ ઘેરું બનતા લંડન વિખુટું પડ્યું.*
- *કડીમાં પ્રાંત અધિકારી અને ધારાસભ્ય વચ્ચે મારામારી તથા શાબ્દિક ટપાટપી.*
- *ડીસામાં લગ્ન પ્રસંગમાં ૧૩ લાખની મત્તા ટાબરિયા ઉઠાવી ગયા.*
- *યાત્રાધામ અંબાજીમાં ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો.*
- *પાકિસ્તાનમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને વિખેરી નાખવામાં આવ્યું.*
- *સંસદના બંને ગૃહોમાં હંગામાના લીધે મુલતવી રાખવામાં આવ્યાં.*
- *અમેરિકન રાજદૂત નેન્સી એ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરવા સમય માગ્યો.*